## નમસ્કાર ગાંધીનગર




### પમરાટ

ચડી શકું ના મગરે.
કમ્મરમાં છે કાળી કળતર કીધું કરે ના પગ રે.
ગોખે બેઠા દેવ,દેવની રાખી'તી મેં બાધા,
નથી રીઝતા એય ખબર ને શું ય એમને વાંધા?
તંતર - મંતર કૈંક કરાવ્યા કર્યા શ્રીફળના ઢગ રે.
સોળ અને સત્તરની વચ્ચે એકલપંડી જાત.
રવરવ ફૂટે અકળ ઉધામા ઉપર માઝમ રાત.
મોભારે બાઝેલી કાળપ જોઇ રહું ટગટગ રે.
પંચ પૂછાતો સસરો મારો પાડી બેઠો આંટી,
સાસુડી જન્મોની વેરણ નણદી આડી ફાટી.
પરણ્યો પીટ્યો કહ્યાગરો પણ એય ભરે નહીં ડગ રે.
કમ્મરમાં છે કાળી કળતર કીધું કરે ના પગ રે.
ચડી શકું ના મગરે....

- રાહુલ તુરી

### પાથેય

## આદિવાસી પરોઢ...

નવમી ઓગસ્ટ એટલે વિશ્વ આદિવાસી દિવસ. ગુજરાતની ભૂગોળમાં પૂર્વ પટ્ટી,બનાસકાંઠાના અમીરગઢથી દક્ષિણના ઉમરગામ સુધીનો રળિયામણો પ્રદેશ એટલે આદિવાસી વિસ્તાર. રળિયામણી ટેકરીઓ અને વનોના વૈભવ વચ્ચે કુદરતના સહારે જીવતા લોકોની પોતાની આગવી સંસ્કૃતિ છે.પોતાની ભાષા છે અલગ વેશભૂષા છે ખૂબ જ રસપ્રદ કહી શકાય એવું સાહિત્ય છે ભીલી બોલીની એક મજા છે.એમાં આપણા પ્રાચીન ગ્રંથો અને ઐતિહાસિક કથાનકોનું આગવું આલેખન છે. ભીલી રામાયણ પણ છે. આદિવાસી લોકો આપણા દેશના મુળ નિવાસીઓ કહેવાય છે. ભારતીય સંસ્કૃતિનું એ એક અભિન્ન અંગ છે. ભારતની આઝાદીની લડાઈ હોય કે કોઈ પણ સામાજિક આંદોલન, જંગલમાં રહીને અનેક અભાવો વચ્ચે જીવતા આદિવાસી સમાજે આ બધામાં પોતાનું આગવું પ્રદાન કર્યું છે. સાબરકાંઠામાં આવેલા પાલચિતરિયાનો હત્યાકાંડ હોય કે મહીસાગરના માનગઢનો સંઘર્ષ હોય આદિવાસીઓની ગૌરવપૂર્ણ ગાથાઓ ઈતિહાસમાં અંકિત થયેલી છે. દેખાવામાં સરળ અને વ્યવહારમાં ખૂબ જ પ્રેમાળ એવા આદિવાસી લોકો મૂળભૂત રીતે પ્રકૃતિના સહારે જીવવા વાળા લોકો છે. ગુજરાતમાં પૂર્વ પટ્ટી સિવાય પણ છુટાછવાયા એ જોવા મળે છે.દેશ અને દુનિયામાં આદિવાસીઓની જુદી જુદી સભ્યતાઓ વિકસી છે. જીવનના તમામ રંગોને ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજાગર કરવામાં આ સમાજ મોખરે છે. એમનાં લોકગીતો, તહેવારો અને લોકનૃત્યોની આગવી ઓળખ છે અનેક મુશ્કેલીઓને અભાવો વચ્ચે જીવતા હોવા છતાં જીવન પ્રત્યેની એક અજીબ ખુમારી આદિવાસી લોકોમાં જોવા મળે છે. સ્વભાવે મહેનતકશ અને મળતાવડા હોવાથી સરળતાથી અન્ય લોકો સાથે ખૂબ જ સરળતાથી ભળી જાય છે.એમના રીતરિવાજો આગવા છે.સ્ત્રી પુરુષ બંને માટે સમાન ભાવ એ આદિવાસીઓનો મોટો સદગુણ છે. લોકમેળા એ આદિવાસી જનજીવનની અનોખી ભાત છે.પોશીનાનો ગુણભાંખરીનો પરંપરાગત મેળો હોય કે મહીસાગરના કાંઠે કલેશ્વરીનો લોક મેળો.આદિવાસી સંસ્કૃતિના પ્રતીક સમાન છે. મેળાના માધ્યમ થકી એ પોતાનો આનંદ વ્યક્ત કરે છે.એકબીજા સાથેના સ્નેહ સંબંધોથી બંધાય છે. જીવનનો ઉલ્લાસ માણે છે. આપણે સૌ સુખચેનમાં જીવવા વાળા લોકો જીવનને આટલી સહજતાથી માણી શકતા નથી.આદિવાસી લોકો મેળાઓ થકી જીવનના ઉલ્લાસને પર્વ બનાવી શકે છે. કુદરત સાથે સતત રહેવાના કારણે એમની આસ્થા જીવંત રહે છે. લગ્ન, પ્રેમસંબંધો,કે કોઈપણ જાતના લાગણીના વ્યવહારોમાં કોઈ કૃત્રિમતા જોવા મળતી નથી.માનવભાવોને એ સહજ રીતે વ્યક્ત કરે છે. આજનો દિવસ સમગ્ર વિશ્વમાં ઉલ્લાસભેર ઉજવાય છે.અનેક જગ્યાએ કાર્યક્રમો થાય છે.આદિવાસી લોકો? જેને પોતાના આદર્શ માને છે એવા જનનાયકો, બિરસા મુંડા કે ગોવિંદગુરુને યાદ કરી આદિવાસી અસ્મિતા પ્રગટ કરે છે. આપણે ત્યાં ઠક્કર બાપા,મોતીલાલ તેજાવત જેવા અનેક રાજનેતાઓએ આદિવાસી કચડાયેલા સમાજ માટે પાયાનું કામ કર્યું છે.આઝાદી પછી આદિવાસી સમાજ પણ વિકાસના પંથે છે.શિક્ષણ,ધંધા,રોજગાર, રાજકારણ એમ દરેક ક્ષેત્રમાં આદિવાસી નામો ગૌરવપૂર્ણ રીતે અંકિત થતાં રહ્યાં છે.આજના દિવસે આપણે સહુ એમને શુભેચ્છાઓ પાઠવી સદભાવના પ્રગટ કરીએ.

# સર્વ નેતૃત્વનો અમૃત મહોત્સવ..! કડી સર્વ વિશ્વ વિદ્યાલયે ૫૦૦૦ સમાજસેવાના યુવા બ્રાન્ડ એમ્બેસેડર તૈયાર કર્યા..!




આજના યુવાનો માત્ર સોશિયલ મીડિયા પર સક્રિય હોય છે અથવા તો માત્ર મોબાઈલ પર જ લાગેલા હોય છે અને કોઈ સમાજ માટે ક્રિએટિવ કામ નથી કરતા એવો સર્વ સામાન્ય અભિપ્રાય છે. પરંતુ તમે જો એમ વાંચો કે એક શૈક્ષણિક સંસ્થાએ સમાજમાં એકબે નહીં પરંતુ ૫૦૦૦ સમાજસેવાના યુવા બ્રાન્ડ એમ્બેસેડર તૈયાર કર્યા છે તો આશ્ચર્ય થાય ને? જી હા, ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલયે આ અનોખી પહેલ અને ઉમદા કાર્ય કર્યું છે!

શિક્ષણ જગતમાં ૧૦૪ વર્ષથી કાર્યરત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ૨૦૦૯થી યુવા વિદ્યાર્થીઓ માટે એક અનોખી "સર્વ નેતૃત્વ" નામની પાંચ દિવસીય નિવાસી તાલીમ શિબિરની શરૂઆત કરવામાં આવી હતી. ઈન્દ્રોડા પ્રકૃત્તિ ઉદ્યાનમાં નૈસર્ગિક વાતાવરણ વચ્ચે અનેક ચેલેન્જ વચ્ચે આ પ્રોજેક્ટ ડૉ. ધર્મેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ શરૂ કરવામાં આવ્યો હતો. ત્યારે એમાં માત્ર ૨૫ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

'સર્વ નેતૃત્વ'ની ગયા રવિવારે ૭૫મી એટલે અમૃત મહોત્સવ બેચ પૂર્ણ થઈ હતી જેના પૂર્ણાહુતિ પ્રસંગે સુરેશભાઈ પટેલ કે જેઓ આ પ્રોજેક્ટના પાયોનીયર ટ્રેનર છે એમની સાથે હાજર રહેવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. આ ૭૫મી સર્વ નેતૃત્વની બેચની પૂર્ણાહુતિ સાથે જ અત્યાર સુધી ૫૦૦૦થી વધુ યુવાનોને આ વિશિષ્ટ અને નિઃશુલ્ક શિબિરનો લાભ મળ્યો અને જેના થકી સમાજમાં ૫૦૦૦ સમાજસેવાના યુવા બ્રાન્ડ એમ્બેસેડર મળ્યા છે!

સમાજ ઉપયોગી 'સર્વ નેતૃત્વ' કાર્યક્રમની શરૂઆત કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન ડૉ. વલ્લભભાઈ એમ. પટેલ એટલે કે 'સરદાર સાહેબ'ના વિચાર, માર્ગદર્શન અને પ્રેરણાથી શરૂ કરવામાં આવી હતી જેનો ખાસ ઉદ્દેશ સમાજ અને રાષ્ટ્ર માટે ભણેલાની સાથે સમજદાર, જવાબદાર અને સંવેદનશીલ યુવાનો તૈયાર થાય. યુવાનો એવા સમર્થ અને સક્ષમ બને જે આગળ વધી રાષ્ટ્રનિર્માણ અને માનવ કલ્યાણના કાર્યો માટે પોતાનું યોગદાન આપી શકે.

કડી સર્વ વિશ્વ વિદ્યાલયે શરૂ કરેલા અનોખા પ્રોજેક્ટમાં પાંચ દિવસ યુવક યુવતીઓ મોબાઈલને માળીયે મુકી સવારે પાંચ વાગ્યાથી લઈ રાત્રે આઠ વાગ્યા સુધી જીવન જીવવાની કળા હસ્તગત કરે છે. આ જીવન ખૂબ સુંદર છે અને આપણે આપણી જાતને પ્રેમ કરતાં શીખીએ અને સાથે સાથે સમાજ અને રાષ્ટ્રને કેવી રીતે સમર્પિત થઈએ એ વિશે બિલકુલ પ્રેક્ટિકલ એપ્રોચ સાથે શ્રેષ્ઠ ફેકલ્ટી દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવે છે. આ કાર્યક્રમમાં સમાજના પ્રેરણાદાયી લોકોને આમંત્રિત કરી એમની સાથે વાત કરી જીવનમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકાય એવું પ્રેરણાબળ પુરું પાડવામાં આવે છે!



આ શિબિરોમાં જેમણે યુવાનોને સારા સંસ્કાર, સારી આદતો અને જીવન જીવવાની સાચી વિદ્યા શીખવી તેવા તમામ શિક્ષકશ્રીઓ જેમાં સુરેશ પટેલ, દિપક તેરૈયા, ઉમાબેન તેરૈયા, હરેશ પટેલ, અનુરાગ મહેતા, સુરેશ પ્રજાપતિ, ડૉ. સુરાણી અને માયાબેન સોનીનું યોગદાન અનન્ય રહેલું છે. આ કાર્યક્રમમાં ગેસ્ટ સ્પીકર તરીકે ઉપસ્થિત રહીને યુવાનોને જેમણે પ્રેરણા આપી તેવાં નિષ્ઠાબેન ઠાકર, ઉદયભાઈ જાદવ, પ્રજ્ઞાબેન પટેલ, અમિતભાઈ ખત્રી, હસમુખભાઈ પટેલ, ડૉ. જયેન્દ્રસિંહ જાદવ, હાર્ટફુલનેસની સમગ્ર ટીમ વગેરે હાજર રહીને ભારતના ભવિષ્ય જેવા યુવાનોમાં જોશ ભરાવાનું કામ કરે છે.

સર્વ નેતૃત્વની તાલીમ પામેલા યુવાનો દ્વારા અનેક કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે એ પૈકી નોંધનીય કાર્યક્રમ એટલે સર્વ વિદ્યાલયના યુવાનો દ્વારા વૃદ્ધ વડીલો માટે એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજમાંથી ઉપેક્ષિત થઈ મજબૂરીમાં વૃદ્ધાશ્રમ પહોંચેલા વડીલોની વંદના અને આનંદ કરાવવા હેતુથી એક દિવસીય યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરના કૈલાશધામના વૃદ્ધો અને રાહેલબા વૃદ્ધાશ્રમના વડીલોને સ્ટેચ્યુ ઓફ યુનિટી, હરસિદ્ધ માતાનું મંદિર અને પોઇચા ખાતે હર્ષ અને આનંદનો પ્રવાસ કરાવ્યો હતો. આ પ્રવાસ દરમિયાન સર્વ વિદ્યાલયના યુવાનો દ્વારા ખૂબ જીવણટભરી અને કાળજીપૂર્વકની કામગીરી કરવામાં આવી હતી. વડીલોને સમયસર દવા આપવાનનું પણ તેઓ ભૂલ્યા ન હતાં. આ યુવાનોનો સમર્પિત સેવાભાવ જોઈને વડીલો ખૂબ જ પ્રસન્ન થયા હતા અને દિલથી આશિર્વાદ આપ્યા હતા. વૃદ્ધોને પ્રેમ આપવામાં રાહુલ સુખડીયા, સુરજ મુંજાણી, કુલદીપ પંડ્યા, રોમિત પટેલ, વિજય રાજપૂત, રઈશ મન્સૂરી, ધારા સોંગેલા, વિધિબા રાઠોડ, તન્મય પટેલ, ક્રિષ્ના ઉમરણીયા, ક્રિષ્ના મોઢવાડિયા જેવા યુવાનો દ્વારા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા પાંચ દિવસિય નિવાસિ તાલીમ શિબિરનું આયોજન નિયમિત રીતે કરવામાં આવે છે. જેમાં સર્વ વિદ્યાલય કડી અને ગાંધીનગરની ૧૯ કોલેજના ૨૦૦૦૦ વિદ્યાર્થીઓ પૈકી ૭૫ વિધાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. આ સમગ્ર કાર્યક્રમમાં ગાંધીનગર શહેરના જાણીતા કોર્પોરેટ ટ્રેનર સુરેશ પટેલ પ્રથમ બેચથી લઈ ૭૫મી બેચ સુધી અવિરત સેવા આપી છે. વિધાર્થીઓમાં નેતૃત્વના ગુણ વિકસે, રાષ્ટ્રભાવના જાગે, સારા માણસ બની સમાજને ઉપયોગી બને, તેમનો આત્મવિશ્વાસ બુલંદ થાય અને હકારાત્મક અભિગમ સાથે જીવનમાં આગળ વધે, માનવ તરીકે પશુથી કેવી રીતે અલગ છીએ અને તેઓ શું કરી શકવા સક્ષમ છે તેની જીણવટ પૂર્વક સમજણ આપે છે. સર્વ નેતૃત્વ તાલીમ શિબિરમાં ડૉ. દીપક તેરૈયા અને ઉમા તેરૈયાનો પણ અમુલ્ય ફાળો આ મુલ્ય આધરિત જીવન જીવવાના પાઠ શીખવવામાં રહેલો છે.

સર્વ નેતૃત્વ તાલીમ દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે અમદાવાદના રીક્ષાવાળા તરીકે જાણીતા ઉદયભાઈ જાદવ, આઇ.પી.એસ. હસમુખ પટેલ, નિષ્ઠાબેન ઠાકર, જીવનતીર્થના રાજુભાઈ અને દિપ્તીબેન ઉપસ્થિત રહી વિધાર્થીઓને વિવિધ પ્રવૃત્તિ અને પ્રશ્નોત્તરી દ્વારારપ્રેરણા પૂરી પાડેલી છે. માનવ કલ્યાણ માટે શું કરી શકીએ? તેની રસપૂર્વક ચર્ચા કરવામાં આવે છે.

સર્વ નેતૃત્વની તાલીમ લઈ બહાર પડેલા યુવાનો કીપ સ્માઈલીંગ, મિશન હોપ, મિશન વિદ્યા, સોશિયલ મીડિયા, વૃક્ષારોપણ, બ્લડ ડોનેશન, સ્ત્રી સશક્તિકરણ જેવા પ્રોજેક્ટ લઈને સમાજમાં જાય છે અને નિસ્વાર્થ ભાવે સેવા આપે છે. આ યુવાનો પોતાનું ગ્રૂપ બનાવે છે અને જરૂરી સાધન સામગ્રીની વ્યવસ્થા જાતે કરીને કોઈ ફંડ ફાળા વગર પોતાનાથી થાય એટલા પ્રયત્નો કરી પ્રોજેક્ટ ચલાવે છે. હું પોતે આ વિવિધ પ્રોજેક્ટનો સાક્ષી બનેલો છું એટલે સ્વાભાવિક રીતે જ એમના કાર્ય ખૂબ નજીકથી જોયા છે અને એટલે જ આ યુવાનો સેલ્યૂટને પાત્ર છે!

સર્વ નેતૃત્વની શિબીરોમાં પોતાનું યોગદાન આપનાર સુરજ મુંજાણી, રાહુલ સુખડીયા, તન્મય પટેલ, પ્રણવ દેસાઈ, મનન પટેલ, અંજલી પટેલ, કિશન મોદી, હનરી, અર્ચ, જીગ્નેશ, અભિષેક, નિખિલ જેવા અનેક સર્વ નેતૃત્વના યુવાનો હવે નેક્સ્ટ જનરેશન તૈયાર કરવા વોલેન્ટીયર તરીકે દિવસ જોયા વગર સર્વ નેતૃત્વની તમામ શિબિરોના આયોજન, સંચાલન અને વિવિધ પ્રોજેક્ટમાં પોતાનો મૂલ્યવાન સમય ફાળવી અનોખું યોગદાન આપે છે.

સર્વ નેતૃત્વની આ આખી પ્રક્રિયામાં પ્રથમ દિવસથી જોડાયેલા અને નિષ્ઠાપૂર્વક કામ કરી રહેલા ડૉ. ધર્મેન્દ્ર પટેલ અને કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન ડૉ. વલ્લભભાઈ પટેલ એટલે કે સરદાર કે જેમણે આ પ્રોજેક્ટ માટે માતબર ફંડ ફાળવ્યું છે એ શાબાશીને પાત્ર છે. એક શૈક્ષણિક સંસ્થા માત્ર વિદ્યાર્થીઓને પુસ્તકીયું જ્ઞાન આપીને અટકવાની જગ્યાએ મૂલ્યવાન શિક્ષણ આપે એ ઘટના જ અદ્ભુત છે!

**રેડ સિગ્નલ :**

યુવાનો માટે સમાજમાં કરવા જેવા કાર્યો તો અનેક છે, હવે એમણે બેડ મેન બનવું કે બ્રાન્ડ એમ્બેસેડર એ તો એમની અંગત ચોઈસ છે..!

# સતત ફરિયાદ,ને લાગે અજંપો લાગે જીવનમાં આ વિચારોનું પીંછું જાતે રંગ્યું હોય એમ પણ બને




ભૂતકાળમાં ઘટેલી ઘટનાઓ આપણે વાગોળતાં હોઈએ છીએ.

અને ભવિષ્યની ચિંતામાં ડૂબેલાં હોઈએ છીએ. પણ, વર્તમાનમાં જીવીને દરેક પળનો આનંદ આપણે માણી શકતાં નથી.

ભૂતકાળની વાતો અને ભવિષ્યમાં આમ કરીશું એ વિચારોમાં આપણે વર્તમાનનો આનંદ જ ગુમાવી દઈએ છીએ.

આપણી આસપાસની ઘટનાઓ અને આપણાં નજીકના સંબંધીઓ આપણને ભવિષ્યની ચિંતા કરાવે છે.. કદાચ આપણે જ એમને કહેતાં હોઈશું.

આપણાં સપનાઓ , આપણાં માતાપિતાના સપનાઓ એમની ઈચ્છાઓ આપણને ભવિષ્યની કલ્પના કરાવે છે,. ઘણીવાર એવું થાય કે શું બધું સ્ક્રિપ્ટેડ છે , તો ચિંતા શું કરવાની. જે નસીબમાં લખ્યું હસે એ મળશે જ. તો ઘણીવાર કર્મનો સિદ્ધાંત યાદ આવી જાય છે. તો ઈચ્છા રાખવાની અને સપના પણ જોવાના. અને વર્તમાનને મન ભરીને માણવાનું ખરું જ.

કશુંક મેળવવું, સપના જોવા અને હાંસલ કરવાની આખી ઘટનાને માણવાની. એ સફર ખરેખર ખુબજ આનંદદાયક હોય છે.ભલે થોડી પથરાળ, થોડી ખરબચડી પણ આખી ઘટનાને માણવાની મજા કંઈક અલગ જ હોય છે.

અને જો ના મળ્યું તો પણ અનુભવ તો યાદગાર જ રહેવાનો.

કંઈક ના મેળવી શક્યાનો વસવસો થોડો સમય દુઃખદાયી લાગશે પણ એની પાછળનું કારણ આપણાં માટે યોગ્ય જ હશે

ભૂતકાળને ભૂલવું એ સુખી થવાનો શ્રેષ્ઠ માર્ગ છે, સુખ ની પાછળ દોડવાની જરૂર નથી, બસ ભૂતકાળના અમુક ખરાબ અંશ ને ઈશ્વરની મરજી સમજી ભૂલી જવાનું. ખરાબ પરિસ્થિતિને ભૂલવા માટે કોઈ ખાસ પ્રિસ્ક્રીપશન કે દવા ઉપલબ્ધ નથી પણ હા ધ્યાન કરવું એ એક ઉપાય ખરો. અને આ બધું આપણાં મન પર આધારિત છે.

કેવળ આપણું મન જ આ કરી શકે છે આપણા સારાં વિચારો અને કડવાશ ભૂલવાની આદત જ આંતરિક મનને આનંદ આપી વર્તમાનને માણવાનું શક્ય બનાવી શકે છે.

બસ પ્રત્યેક પરિસ્થિતિને સ્વીકાર કરી વર્તમાનમાં જીવવાની આદત પાડવી પડે. સદગુરુ કહે છે કે સૃષ્ટિ કર્તા જો આપણા દુનિયામાં આવતા પહેલા ખોરાક, પાણી, હવા અને અમુક ચોક્કસ વાતાવરણની વ્યવસ્થા કરી શકતા હોય તો આપણા માટે આગળનો પ્લાન પણ સારો જ કરશે ને. આપણે દુઃખી ત્યારે થઈએ છીએ જ્યારે આપણે આપણને સર્વસ્વ સમજવા લાગીએ છીએ.અને વધુ પડતી ઈચ્છા જ આપણને દુઃખ આપે છે.

શા માટે આપણને પરિસ્થિતિ બદલવી હોય છે, જે આપણા હાથમાં જ નથી. આપણાં મનની પરિસ્થતિ પ્રમાણે જ આપણે સુખી અને દુઃખી થતા હોઈએ છીએ.

અને આપણે જિંદગી આમાં જ ખતમ કરી દેતાં હોઈએ છીએ. આપણું જીવન અનેક રહસ્યોથી ભરેલું છે, રોજ ધાર્યા કરતાં નવા નવા પ્રકરણ ખુલતા રહે છે,

અને આપણે એજ ચિંતામાં ભવિષ્યની બધી શકિત ગુમાવી બેસીએ છીએ. ઘણીવાર ભૂતકાળના દુઃખો( જે ખરા અર્થમાં દુઃખ હોતા જ નથી) એ આજના આનંદ ઉપર હાવી થતાં હોય છે, એને રોકવા જરૂરી છે. અને એને રોકતા અટકાવવાનો ઉપાય એટલે હાસ્ય

ક્યારેક કોઈ છૂપો ભય અંદર રહેલી ખુશીઓને મારી નાખે છે. સાચી વાત તો એ છે કે જયારે આપણું ધાર્યું નથી થતું ત્યારે આપણે દુઃખી થઈ જઈયે છીએ. અને ધાર્યું કરવામાં આપણે સુખ ભોગવી શકતા નથી.

ચિંતામાં એટલા ગરકાવ હોઈએ છીએ કે આપણે પ્રેમાળ નથી બની શકતા. પોઝિટિવ રહેવાનો સૌથી ઉત્તમ ઉપાય છે વર્તમાનમાં જીવવું. ના ભૂતકાળને વાગોળવું કે ના ભવિષ્યની ચિંતા કરી ચિંતાગ્રસ્ત વાતાવરણ ઉભું કરી નકારાત્મક પરિણામ તરફ આગળ વધવું.

આપણી આસપાસ જ કેટ કેટલી પ્રેરણાદાયી ઉક્તિઓ હોય છે. પણ આપણે નકામી ચિંતા અને બીજા વધારાના વિચારો પાછળ આપણા સારા વિચારો ને જન્મ જ નથી લેવા દેતા. નકારાત્મકતાના કારણે વાત વાતમાં વ્યક્તિ ગુસ્સે થઈ જાય છે. અને આ જ એનો સ્વભાવ બની જાય છે. આપણે નાની અમથી વાતમાં તરત જ રિએક્ટ કરવાના બદલે અલગ અભિગમ દાખવી કંઈક અલગ વિચારવાની આદત પાડતા થઈ જઈએ એવી પહેલ કરવી પડશે.

પોતાની જ વાત નો ઊંડો વિચાર, અભ્યાસ કરવો જોઈએ કે હું જે કાંઈ વર્તન કે વાત કરું છું એ સારી અને અર્થ પૂર્ણ તો છે ને, કે

પણ આપણે એ ભૂલી જઈએ છે કે આવનાર દરેક નવી સવાર નવી તાજગી લઈને આવે છે.

પણ વીતેલી ક્ષણોમાં ડૂબેલા આપણે તાજગીના કિરણો પ્રવેશ કરી શકે એટલો દ્વાર શું એટલી બારી પણ ખુલ્લી નથી રાખતા આપણે. દુઃખ આવે ત્યારે જ દુઃખી થવાના બદલે તે પહેલા થઈ જઈએ છીએ. અથવા અમુક ન ગમતી ઘટનાઓ આવી જાય પછી એને જ યાદ કરી દુઃખી થતા રહીએ છીએ.

ઈશ્વરીય દરેક ઘટનાઓનો સહર્ષ સ્વીકાર કરી હિંમત, ખુશી અને ભરોસા સાથે વર્તમાનને માણતા થઈ જઈશું ત્યારે ખરું જીવન જીવાશે.

નકારાત્મકતા અને સકારાત્મકતા બન્ને આપણા જ સ્વભાવનો એક ભાગ છે. તો ઉચ્ચ કક્ષાનો સારો વિચાર કરી સ્વભાવમાં પરિવર્તન લાવીએ.

કંટાળો અને એકલતા એ પણ નકારાત્મક વિચારો ઉત્પન કરે છે. પણ કાંટાળા અને ખાલીપાને ભરવાનો ઉપાય છે સતત પોતાનું જ આત્મચિંતન કરવું. ખુદ ને ખુદ થી જાણવું. આપણે જો પોતાનામાં જ ઊંડા ઉતરીશું તો આપણે એક ઉમદા વ્યક્તિને મળીશું.

અને ઉમદા વ્યક્તિ બીજું કોઈ નહીં આપણે પોતે જ. રોજ એક ઉમદા વ્યક્તિ સાથે એટલે આપણે પોતે જ પોતાની જાત સાથે સમય વીતાવી શકીએ એથી ઉત્તમ શું હોઈ શકે. અરીસામાં જોઈ ખુદ ના જ વખાણ કરવા અને ખુદ ને જ આઈ લવ યુ કહેવું.ખરેખર આનાથી ઉત્તમ ભેટ પોતાના માટે કોઈ નહીં હોય.

અનુસંધાન પાના નં. ૭ પર

# કર્મચારીને સર્જકની નજાકતતા બક્ષતું કામ એટલે 'સમર્પિત કર્મ'




જીવનમાં કામનું અનેરું મહત્ત્વ છે. પણ કામ અને વૈતરું આ બે વચ્ચે ઘણો તફાવત રહેલો છે. આપણે રૂટિન લાઈફમાં જે કરીએ છીએ, એ ક્યારે કામ મટીને વૈતરું બની ગયું છે, તેના વિષે આપણે જવલ્લે જ વિચારીએ છીએ. કામની ગરિમા વધે, તેમાંથી આનંદની પ્રાપ્તિ થાય અને કામ દ્વારા જ્ઞાનાત્મક ક્ષમતાઓની ક્ષિતિજ વિસ્તરે એવું કામ એટલે 'સમર્પિત કર્મ'.આથી તદ્દન વિપરીત "છીછરા કામ" ની વાત કરીએ ત્યારે એવા કાર્યો નજર સમક્ષ આવે છે જેમાં કોઈ આંતરિક ડિમાન્ડ નથી હોતી. જેમ કે ઈમેલનો જવાબ આપવો, પેપરવર્ક કરવું, મીટિંગ્સમાં હાજરી આપવી, વાંચ્યા વગર મિકેનિકલી ભણાવી દેવું વગેરે આ શ્રેણીમાં મૂકી શકાય છે. આવા કામોથી માત્ર થાક મળે છે, પણ વ્યક્તિનું મૂલ્ય ઉપર નથી ચડતું કેમ કે આ બધા રેપ્લિકા છે. આવા કામો કરવામાં કોઈ ખાસ કોશિશ નથી કરવી પડતી.

જ્યારે ગ્રાઉન્ડબ્રેકિંગ વિચારો અને અર્થપૂર્ણ પ્રગતિ સમર્પિત કર્મના ફળસ્વરૂપે આવે છે, છીછરા કામથી નહીં. આજે ભારતના વર્ક-કલ્ચરની વાત કરીએ તો છીછરું કામ વધતું જાય છે. પણ પ્રશ્ન એ થાય કે સમર્પિત કર્મ શું છે? તે પરિવર્તનકારી કેવી રીતે હોઈ શકે? આ જવાબ મેળવવા એક ઉદાહરણ જોઈએ. ૧૯૭૪ ના વર્ષ દરમિયાન માઈક્રોસોફ્ટની સ્થાપના કરતી વખતે, બિલ ગેટ્સ કંપનીની પ્રથમ સોફ્ટવેર પ્રોડક્ટ બનાવવા માટે કામ કરતા હતા. તેમણે અકલ્પનીય તીવ્રતા સાથે કામ કર્યું. ઘણીવાર પ્રોગ્રામિંગ કરતી વખતે કીબોર્ડ પર જ સૂઈ જતા. આવા ભયંકર અને સતતવાહી પરિશ્રમના કારણે ચમત્કાર થયો અને એક અનોખી સિસ્ટમનો જન્મ થયો. આજે પણ બિલ ગેટ્સ તેમની એકાગ્રતા અને સમર્પિત કર્મ કરવાની ખૂબી માટે જગતભરમાં જાણીતા છે.

જેમ જેમ આપણી અર્થવ્યવસ્થા બદલાય છે તેમ તેમ સમર્પિત કર્મ વધુ મૂલ્યવાન બનતું જાય છે. છેલ્લા દાયકાઓમાં, અર્થતંત્ર ઘાતકી બળ મજૂરીથી માહિતી વિસ્તરણ તરફ આગળ વધ્યું છે. જૂની અર્થવ્યવસ્થામાં એટલે કે મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટમાં કામ કરતા મોટાભાગના કામદારો માટે સમર્પિત કર્મની જરૂર ન હતી. પરંતુ હવે નવી અર્થવ્યવસ્થામાં સફળ થવા કેટલાક વિશિષ્ટ કૌશલ્યો પ્રાપ્ત કરવા જરૂરી છે, જેમાં જટિલ સમસ્યાનું નિરાકરણ, ડેટાનું વિશ્લેષણ અને કોમ્પ્યુટર પ્રોગ્રામિંગ વગેરે શીખવા અને ચલાવવા માટે સમર્પિત કર્મની જરૂર બને છે. વધુમાં, સમર્પિત કર્મ કરવાની ક્ષમતા વૈશ્વિક અર્થતંત્રને નવીન દિશા પણ આપે છે. આમ, સમર્પિત કર્મ કરવાની ક્ષમતા સ્નાયુઓની મજબૂતાઈની જેમ વર્તે છે. જો આપણું મન આખો દિવસ વિક્ષેપ અને ચિંતાના મૂળભૂત સ્તરે હોય, તો આપણે સમર્પિત કર્મ કરવાની ક્ષમતા ગુમાવી દઈએ છીએ. ધ્યાન કેન્દ્રિત કરવા અને અવિચલિત રહેવાની કુશળતાને કેળવવા રચનાત્મક નવરાશ જોઈએ. આવી ક્રિએટિવ નવરાશ અને અખલેલની સ્થિતિમાં જ મહાન સર્જન શક્ય બને છે. ગૂગલ જેવી વૈશ્વિકસ્તરે કામ કરતી કંપનીએ આ વાત બહુ પહેલા જાણીને કાર્ય સ્થળે પાવર નૅપ અને કંપનીના ગ્રીન સરાઉંડીંગમાં કર્મચારીને ફરાવની છૂટ આપી છે. પરિણામ આપણી સામે છે. આમ, વૈતરું સમર્પિત કર્મની ઊંચાઈ પામે તે માટે કર્મચારીને ક્રિએટિવ નવરાશ મળે અને સોંપાયેલા કામના ક્ષેત્રમાં ઊંડા ઉતારવાનો અવસર મળે તો આપણા યંત્રવત બની ગયેલા કાર્યાલયોમાં રચનાત્મકતાનો પ્રાણ ફૂંકી શકાય. આવી સ્થિતિમાં જે સામૂહિક કામ થાય તે કાર્યસ્થળને તપોભૂમિની ઉજાશ આપે અને કર્મચારીમાં સર્જકની નજાકતતા આવે.

પી.એસ. : "દુનિયાના કાંટાળાથી બચવા મારે લોકો વચ્ચે મૂર્ખ રહેવું પડે છે." :- સોક્રેટિસ

- dharmanshuvaidya88@gmail.com
9265049335

# કેટલું અઘરું છે વ્યક્તિવિશેષ બનવું કોકના જીવનમાં..!!




કેટલું અઘરું છે વ્યક્તિવિશેષ બનવું કોકના જીવનમાં..!!
સબંધી બનવું સહેલું હોઈ શકે..
કેટલું અઘરું છે રસ્તે માર્ગદર્શક બનવું....!!
સલાહકાર બનવું સહેલું હોઈ શકે...
કેટલું અઘરું છે સ્વીકાર માણસનો "માણસ" તરીકે કરવો...!!
તેમનાં ગુનાઓના વકીલ બનવું સહેલું હોઈ શકે.....

પ્રયત્ન કર્યા વગર સહજપણે જે વર્તન થતું હોય કે ભાવ અનુભવાતો હોય છે તે વ્યક્તિના માનસ પર ઊંડી છાપ છોડી જાય છે. નહીં કે સારી ભાષાઓમાં કરેલાં વ્યવહાર. લોહીનાં સંબંધો બાય ડિફોલ્ટ બંધાય છે. પણ તે સંબંધોમાં ભાવનો, લાગણીનો બંધ તો આપણે જ બાંધવો પડે છે અને યોગ્ય સમયે તેનું સમારકામ અને માવજત પણ કરવી પડે છે. તેમનાં જીવનમાં આપણી સંબંધરૂપી માત્ર "જગ્યા" હોય તો પૂરાઈ પણ જઈ શકે. તેનું રિપ્લેસમેન્ટ પણ થઈ શકે. પણ જો "સ્થાન" હશે તો માત્ર તમે જ હશો.તમારું સ્થાન બીજું કોઈ નહીં લઈ શકે. સંબંધનું આ લેવલ દરેક વ્યક્તિ કદાચ ન સમજી શકે. કારણ કે દરેક પોતે બાંધેલાં એક દૃષ્ટિકોણથી જ વ્યક્તિને નિહાળે છે. કેટલીકવાર આપણાં કોઈ શિક્ષકે કહેલ કે લખીને આપેલ થોડાંક શબ્દો આપણને જીવનભર યાદ રહે છે. અને આપણને જીવનની ઘણી પરિસ્થિતિમાં દિશા સૂચન પણ કરે છે .પ્રેરણા આપે છે. અને તે શિક્ષકનું આપણાં જીવનમાં એક ચોક્કસ સ્થાન બની જાય છે. તેવું જ કોઈક વ્યક્તિ એ આપણને સ્વાર્થ વગર, સંઘર્ષના સમયમાં કરેલ મદદ, માનસિક સપોર્ટ તે વ્યક્તિનું આપણાં જીવનમાં એક અનામી સ્થાન બની જાય છે એક "માણસાઈ"નું સ્થાન. આજે સમાજમાં માણસાઈ મરી પરવારી છે મોટેભાગે. લાગણી પણ અહીં સંબંધ અને સ્વાર્થનાં ઓથ હેઠળ દાખવવામાં આવે છે. ત્યારે આપણાં જીવનમાં માનવતા દાખવતાં માણસોના પગલાં જીવનભર રહી જાય છે.

માનવતાની કોઈ પ્રયોગશાળા નથી હોતી...

વેદના કોઈની, પોતે સમાન માત્રામાં અનુભવી, સંવેદી શકે તે જ સાચો "માણસ" છે.

કેટલાંક માણસો પૃથ્વી પર ઈશ્વરની ટપાલ સ્વરૂપે આવતાં હોય છે. જેનાં લીધે આ દુનિયા ટકેલી છે. માનવતાનું ઊધ્વીકરણ તેમનાં સત્કર્મોથી આપોઆપ થાય છે. ચારે બાજુ દૂષણો, સ્વાર્થની વચ્ચોવચ્ચ જીવતાં હોવાં છતાં, સંઘર્ષોથી સતત છોલાતા રહેતાં હોવાં છતાં, અગરબત્તીની સુવાસની જેમ અન્યનાં જીવનનાં ઉત્કર્ષ માટે સતત કાર્યાન્વિત રહે છે. અને તેઓ કેટલાંય લોકોનાં જીવનમાં અતુલ્ય સ્થાન ધરાવતાં હોય છે.

ઝાકળબિંદુનું સ્થાન જેમ પાંદડા પર...
ને પતંગિયું બેસે ફૂલ પર..
રસવાઈ દીર્ઘઈ બેસે જેમ શબ્દ પર..
ને ભાવ બેસે અર્થ પર .....
સ્થાન તો સહજ બને છે,
જેમ સંવાદ થાય સહજ અપવાદ પર....

*- mitalpatel56@gmail.com*
*94289 03743*